

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*આજ ચૂંટણીમાં સામસામાં ચરિત્ર્યો ચૂંથાય છે,*
*છેલ્લી ઘડી સુધી પક્ષાંતરની ગુત્થી ગૂંથાય છે,*
*વેંચાય છે મતદાર, ફરે છે નાણા ભરી ટ્રકો -*
*અપહરણ, ખૂનથી, જનજીવન રૂંધાય છે!!*

### હાઈકુ

*અંતે થઈ ગ્યું!*
*અફવા ફેલાવીને -*
*- એન્કાઉંટર!!*
*(અનુભવી પ્રમુખ!)*

*શિક્ષણનીતિ,*
*દ્વિધા ને અજંપામાં -*
*કોર્ટ રવાડે!*
*(નીટ પર મીટ!)*

### ચિંતન

**જગમેં યુક્તિ અનૂપ હૈ, સાધુ સંગ ગુરુજ્ઞાન**
**તામે નિપટ અનૂપ હૈ, સત ગુરુ લાગા કાન**

કબીર સાંસારિક બંધનોમાંથી છૂટવાની અદ્‌ભૂત યુક્તિ બતાવે છે. સત્સંગ અને ગુરુજ્ઞાન દ્વારા વ્યક્તિમાં સદ્‌ગુણોનું સિંચન થાય છે. ષટરિપુ સમાન મદ, મોહ, ક્રોધ, લોભ અસૂયા અને કામ ઉપર વિજય પ્રાપ્ત થાય છે. સદ્‌ગુરુઓનાં વચનમૃતો સ્મરણમાં રહે તો વ્યક્તિ ઉત્તમ માર્ગે ચાલતી રહે છે. ઘડીભરનો સત્સંગ ચિનગારીનું કામ કરે છે. એક કવિતામાં પણ કહેવાયું છે કે, "એક જ દે ચિનગારી મહાનળ, એક જ દે ચિનગારી."

કબીર કહે છે, "આવો તણખો ગુરુજ્ઞાન છે."

સાથે સાથે સ્મશાન વૈરાગ્ય જેવી તદ્દન હંગામી લાગણીથી મુક્તિ માર્ગ મળતો નથી. સૌજીવનની ક્ષણ ભંગુરતા સમજે છે. પણ કદી મરણ આવવાનું જ નથી તેમ માની ન કરવાં જેવા કામો કરે છે. વ્યાસજી તેથી જ એ ઘટનાને આશ્ચર્યકારક લેખે છે કે, "હું સૌને હાથ ઊંચા કરી પોકાર કરું છું કે, ધર્મ જ રક્ષણ કરશે પણ કોઈ ધ્યાન આપતું નથી."

### સુવિચાર

- દુ:ખથી દુ:ખી થવું એ તો દુ:ખને બેવડાવા જેવું છે - **શેક્સપિયર**
- કોઈ કાયદો ઈમાનદારી જેટલો બહુમૂલ્ય નથી - **ચંદ્રકાન્ત બક્ષી**
- જે સચ્ચાઈ પર નિર્ભર છે તે કોઈ પણ ધૃણા નહીં કરે - **નેપોલિયન**
- સંકટ સમય અને વિજય બેઉ સાથે જ આવે છે - **મુંબઈ સમાચાર**
- બીજાના પરસેવાનો રોટલો પડાવી લેવા માણસ પ્રભુની પ્રાર્થના કરતો હોય એના જેવું બીજું વિચિત્ર શુ? - **એસ. ભટ્ટાચાર્ય**
- બળથી સદૈવ વિજય મળે પણ તે વિજય ક્ષણિક હોય છે - **ધૂમકેતુ**
- ગુસ્સો કાગળ પર ઠાલવી દેવો પણ એ કાગળ પછી ટપાલપેટીમાં નાખવો નહીં - **સુરેશ દલાલ**
- આજનું ઔષધ : તુલસીના પાનનો રસ ફુદીનાનો રસ સરખેભાગે મેળવી એક-એક ચમચી સવારસાંજ બાળકને આપવાથી કરમીયાં મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

કેટલાક લોકો બુદ્ધિ-વહીવટમાં પારવધા હોય છે. જયારે કેટલાકની કોઈ કામમાં વ્યવહારુ ચાંચ ડૂબતી નથી, કહ્યું હોય તે પણ મરતે મરતે કરે... અરબસ્તાનના સૌદાગરને ત્યાં પ્રામાણઈક વહીવટ કુશળ મેનેજર હતો. પરંતુ લગ્ન કર્યાં - પત્નીનો આગ્રહ પોતાના ભાઈને મેનેજર બનાવવાનો હતો. સૌદાગરે જૂના મેનેજરને સમજાવી એક બે માસની રજામાં ઊતાર્યો - સાળાને રાખ્યો.

એક દિવસ અચાનક ખૂબ ઘંટડીઓ વાગી સોદાગરે મેનેજરને (સાળા) બોલાવી તપાસ કરવા સૂચના આપી - તે સાથે જૂના મેનેજરને પણ એ જ સૂચના આપી. ઊંટ છે, સાળાએ કહ્યું, સૌદાગર : કેટલા છે? પૂછી આવું - પચાસ છે!

સોદાગર - કયો માલ છે? સાળો - ખજૂર છે. પૂછી આવું. આમ દરેક વખતે પૂછવા જાય - અને ટૂંકી ટૂંકી માહિતી લાવે શું ભાવ? ખરીદી કરીએ તો જથ્થાબંધ શું ભાવ વગેરેના જવાબો ધક્કા ખાઈ લઈ આવ્યો. ત્યાં સુધીમાં કોઈ બધા ઊંટની ખજૂર ખરીદી ગયું. જૂનો મેનેજર આવ્યો. સૌદાગરના હાથમાં ૨૫૦૦ દિનાર મૂકી કહ્યું, ૫૦ ઊંટ હતા, ખજૂર ખરીદી ખજૂર બજારમાં માલ વેંચી દીધો તેના નફાના આ ૨૫૦૦ દિનાર આપના હાથમાં મૂક્યાં છે. બનેવીએ સાળાને પાયલાગણ કરી વિદાય કર્યો.

**તંત્રીસ્થાનેથી...**

# ગોંડલ અને લીમખેડા વચ્ચેનું અંતર

આ વર્ષે બારમા ધોરણનાં પરિણામો જોતાં કેટલીક બાબતો ઊડીને આંખે વળગે એવી છે. વિદ્યાર્થીઓ યેનકેન પ્રકારણે ઊંચું પરિણામ હાંસલ કરવા પ્રયાસ કરતા હોય છે. સ્પર્ધાના આ જમાનામાં એ કાચી કુમળી વયનાં તરુણોનો એક માત્ર ઉદ્દેશ બીજાને પાછળ પાડી પોતે આગળ નીકળી જવાનો હોય છે. મેડિકલ, ઈજનેરી કે આઈઆઈએમમાં પ્રવેશી એમબીએ થઈ જવા માટે રીતસરની હોડ જામે છે. આ સિદ્ધિ હાંસલ કરવા માટે વાલીઓ એમનાં બાળકોને ઊંચી ફી લેતી ખાનગી શાળાઓમાં દાખલ કરે છે. બાળકને એની કરિયરની ચિંતા હોય છે એથી અનેક ગણી ચિંતા વાલીઓ કરતા રહે છે. આ પ્રકારની સગવડો, સુવિધાપૂર્ણ ટ્યૂશન અને લાગવગ દૂરદરાજનાં ગામડાંમાં વસતા વિદ્યાર્થીઓને ન જ ઉપલબ્ધ થઈ શકે તે સ્વાભાવિક છે. તેથી જાણ્યે-અજાણ્યે આપણો વિદ્યાર્થીસમુદાય સમૃદ્ધ-સંપન્ન અને વંચિત - સર્વહારા જેવા બે વર્ગોમાં વહેંચાઈ જતો જોવા મળે છે. આજથી પચાસ વર્ષ પહેલાં ૧૯૬૬ના એસએસસીના પરિણામ પર નજર કરશો તો સમજાશે કે એ વખતે દેવગઢ બારીયા જેવા દૂરવર્તી આદિવાસી પંથકનો વિદ્યાર્થી બોર્ડમાં પ્રથમ આવ્યો હતો. ૧૯૬૫માં ઉત્તર ગુજરાતના વીસનગરની નૂતન સર્વ વિદ્યાલયનો વિદ્યાર્થી બોર્ડમાં પ્રથમ આવ્યો હતો. આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. રાજયના ૭૬૩ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડમાં ઉત્તીર્ણ થયા છે જેમાં સુરત, રાજકોટ, અમદાવાદ અને વડોદરાના શહેરી વિસ્તારો સામેલ છે ગોંડલ સતત બીજા વર્ષે ૯૯.૭૩ ટકા સાથે રાજયનું સૌથી ઊંચું પરિણામ ધરાવતું કેન્દ્ર રહ્યું છે, જયારે છોટા ઉદેપુર જિલ્લાનું પરિણામ સતત બીજા વર્ષે ઓછામાં ઓછું આવ્યું છે. લીમખેડા કેન્દ્રનું પરિણામ ૨૨.૬૧ ટકા છે, જે રાજયમાં સૌથી નીચું પરિણામ છે. આ આંકડા સરકાર અને સમાજ - બેઉની આંખ ઉઘાડનારા લેખાવા જોઈએ. છોટાઉદેપુર અને લીમખેડા આદિવાસી પ્રદેશો છે. આજે આપણે આ પ્રદેશોનાં પરિણામોને ગંભીરતાથી નહીં લઈએ તો એક દિવસ એવા આવશે કે આ પાછળ પડી ગયેલો વંચિત સમાજ તીરકામઠાં લઈને શહેરો પર ત્રાટકશે. આવું ન બને તે માટે સરકારે અને સમાજે વેળાસર જાગવાની જરુર છે. શિક્ષણ એ દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર લેખાવો જોઈએ. શહેરી વિસ્તારો કે સવર્ણ સમાજ એનાં બાળકોને જે સુવિધાઓ ઉપલબ્ધ કરાવે છે તેવી સુવિધાઓ આ પછાત વર્ગનાં વંચિતોને ઉપલબ્ધ કરાવવાની જવાબદારી સરકારની બની જાય છે. પાટીદાર આંદોલનને તો દસ ટકા અનામત જાહેર કરીને ઠંડુ પાડી શકાશે, પરંતુ આપણા કવિ કહે છે એમ જો સમયસર ચેતીશું નહીં તો એક દિવસ -

**ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,**
**ખંડેરની ભસ્મકણી ન લાધશે!**

આખરે શિક્ષણ આજીવિકાનો પાયો છે. તેથી એ તમામને સમાન સ્તરે ઉપલબ્ધ નહીં થાય તો લોહિયાળ ક્રાંતિ માટે તૈયારી રાખવી જ રહી. એટલે એ-૧ ગ્રેડમાં થોડા ઓછા વિદ્યાર્થીઓ પાસ થશે કે શહેર વિસ્તારની ફાઈવ સ્ટાર સ્કૂલોમાં થોડા ઓછા વિદ્યાર્થીઓ ભણશે તો એથી સમાજને ઝાઝું ગુમાવવું નહીં પડે. પરંતુ છેવાડાના વિસ્તારોને વેળાસર સાચવી લેવામાં નહીં આવે તો ઘણું મોટું નુકશાન થવાની સંભાવના છે. ગોંડલ અને લીમખેડા કેંદ્રો વચ્ચેનું અંતર ઘટે એ દિશામાં સહિયારો પુરુષાર્થ કરવાની અઆ ચાનક છે.

# કેરી... આયુર્વેદની દ્રષ્ટિએ...




દરેકને ભાવતી કેરીનું આગમન શહેરમાં થઈ ચુક્યુ છે. ૪૫ ડીગ્રી ગરમીમાં આનંદ આપતી અમુક જૂજ ઘટનાઓમાં એક એટલે કેરી. વેકેશનનો ગાળો હોય, ઘર સગા વ્હાલાઓ થી ભર્યુ ભર્યુ હોય, અને બપોરે જમણમાં કેરી હોય, એટલે ઉનાળો ગમે તેટલો અકળાવનારો હોય, તો ય સાર્થક લાગે. આપણે ગતાંકે કેરીના પોષકમૂલ્યો વિષે જાણ્યુ, આજે જાણીએ કે આયુર્વેદ કેરી વિષે શું કહે છે..

આયુર્વેદમાં કેરી વિષે પ્રચૂર વર્ણન છે. સંહિતાઓ થી લઈને નિઘંટુઓ સુધી કેરીનું વર્ણન જોવા મળે છે. ચરકસંહિતામાં કેરીનું કષાયસ્કંધ અને અમ્લસ્કન્ધમાં વર્ણન છે (ચરકસંહિતામાં દ્રવ્યોનું વર્ગિકરણ 'સ્કન્ધ' માં કરાયુ છે) યોગરત્નાકર નામના ગ્રંથમાં તો કેરીને 'ફલાધિરાજ' નુ સંબોધન કરાયુ છે.



કેરીના ગુણો ની વાત કરીએ તો કાચી કેરી, પાકી કેરી, ખાટી તેમજ મીઠી કેરી, આદિ પ્રમાણે કેરીના અલગ અલગ ગુણો હોય. જેમકે કાચી કેરી વાયુ તથા પિત્તને વધારનારી, રૂક્ષ, ઉષ્ણ, સુગંધી, રૂચિકર, તેમજ પ્રમેહ અને અતિસારમાં હિતકર છે. જયારે પાકી કેરી વાયુને મટાડનાર, બલવર્ધક, વર્ણને સુધારનાર, પચવામાં ભારે, તથા સુખની અનુભૂતિ કરાવનાર છે. પાકી પણ ખાટી હોય તેવી કેરી લોહિવિકાર, પેટના રોગો, આંખના રોગો, ચામડીનાં રોગો તથા પિત્ત વધારનાર છે. મીઠી કેરી હિતકર છે. પચવામાં થોડી ભારે હોવાથી કેરીના રસની સાથે સૂંઠ લેવામાં આવે છે, જે ફાયદાકારક છે.

આપણે લોકો કેરીના અનેકવિધ ઉપયોગો કરીએ છીએ, જેમકે કેરીનો મુરબ્બો બને, કેરીનું ગોણીયા, મેથીય, બોળ પ્રકારનુ અથાણુ બને, કાચી કેરીમાં ગોળ-જીરુ નાખીને ખવાય, બાફલો બનાવીને પીવાય, કાચી કેરીના આમ્બોળીયા બને, ખાટી કેરીનું રાયતુ બને, કાચી કેરીની છાલ ઉતારી ટુકડા કરી તડકે સુકવીને આમચૂર બને, પાકી કેરીનો રસ ખવાય તેમજ લસ્સી થી લઈને આઈસક્રીમ સુધી પાકી કેરીનુ ચલણ છે. કેરીના ગોઠલામાં થી ગોઠલી નીકળે જેને સુકવીને મુખવાસ બને.



**પહેલું સુખ તે જાતે નર્યા**

ડૉ. કેદાર ઉપાધ્યાય

આ બધી ચીજોના પોતાના ગુણો છે, અવગુણો પણ છે. અતિમાત્રામાં કોઈપણ વસ્તુ તકલીફ કરે, અને યોગ્ય માત્રામાં આનંદ પણ આપે અને ગુણ પણ કરે. યુનાનિ વૈદકમાં પણ પાકી કેરી વિષે ઘણુ લખાયું છે. પાકી કેરી ચરબી વધારનાર, ખુશ કરનાર, ઝાડો સાફ લાવનાર, પેશાબ વધારનાર છે.

આયુર્વેદમાં આંબાનો ઔષધ તરીકે ખૂબ ઉપયોગ કરાયેલો છે. જેમકે લોહીના ઝાડામાં આંબાના પાન નો રસ ઉપયોગી છે, આંબાની ગોઠલીનું ચૂર્ણ કરમીયા પર અસરકારક છે, દૂઝતા હરસમાં આંબાની ગોઠલીનું ચૂર્ણ મધ સાથે લઈ શકાય, નાકમાં થી લોહી પડતુ હોય (નસકોરી ફૂટે તો) પણ ગોઠલીનું ચૂર્ણ અસરકારક છે. શરીરમાં ગરમી નીકળી હોય તો આંબાની આંતરછાલનું ચૂર્ણ દહિં સાથે લેવાથી ફાયદો થાય છે. આમચૂરને પાણીમાં ઘસીને લગાવવાથી વિંછી આદિના વિષ દૂર થાય છે. આંબાના ઝાડનો ગુંદ ચામડીના રોગોમાં અસરકારક છે. પાકી કેરી પાચનતંત્રને સુધારે છે, શક્તિદાયક છે, વજન વધારનાર છે, વીર્યવૃદ્ધિ કરનાર છે, રક્તવૃદ્ધિ તેમજ રક્તશુદ્ધિ કરનાર છે.

આયુર્વેદમાં આંબાના અનેક ઉપયોગી ઔષધયોગો તેમજ પ્રયોગોનું વર્ણન છે. વ્યક્તિની પ્રકૃતિ તેમજ તેના બલઅનુસાર યોગ્ય માત્રામાં ઉપયોગ કરવાથી ચોક્કસથી ફાયદો થાય. આ ધોમધખતા ઉનાળામાં આહ્લાદક કેરીની મજા લઈએ અને નિરામય રહીએ...

- drkedarju@gmail.com

# હરીન્દ્રની ગદ્યસૃષ્ટિ-૨

'હરીન્દ્ર તો એક નથી, અનેક છે. એ કવિ છે, નવલકથાકાર છે, નાટ્યકાર છે, નિબંધકાર છે, વિવેચક છે. અનુવાદક છે અને પત્રકાર છે. હરીન્દ્ર અનેક નથી, એક છે. એ ભલે નવલકથા લખે, નાટક લખે કે નિબંધ લખે, એ પ્રથમ કવિ છે અને પ્રતમ કક્ષાના પત્રકાર છે. તંત્રી છે... હરીન્દ્રની કલમ એ અંજાયેલી નહીં, પણ મંજાયેલી કલમ છે... આસપાસના અનેક ઘોંઘાટો શમી જાય અને પછી મૌન આત્મસાત થયા પછી પોતાનો અવાજ પ્રગટે એમાં જ એમને રસ છે.'

ઉપરના શબ્દો આપણા જાણીતા કવિ-નિબંધકાર સુરેશ દલાલે તેમના પ્રિય મિત્ર હરીન્દ્ર દવે માટે લખેલા છે. પ્રવીણ પ્રકાશન, રાજકોટ શ્રી હરિન્દ્રભાઈ દવેના તમામ લખાણોના પુસ્તકો વર્ષ - ૧૯૯૨માં પ્રગટ કર્યો હતા. આ ૫૦ પુસ્તકોમાં (કાવ્યસંગ્રહ, ૧૪ નવલકથા અને ૧૬ નિબંધના છે, બાકીના નવલિકા, નાટક, બાળ સાહિત્ય, અનુવાદ અને આસ્વાદના છે. હરીન્દ્રભાઈએ ચાર દાયકા કરતાં પણ વધુ સમય પત્રકારત્વના ક્ષેત્રે વીતાવ્યા છે. એટલે એમના તંત્રીલેખો અને અન્ય કોલમનાં લખાણોની સંખ્યા તો આ સોળ નિબંધસંગ્રહોના લખાણો કરતાં ઘણી ઝાઝી થવાની. મેં એમના કાવ્યો ઘણા વાંચેલા, 'માધવ ક્યાંક નથી.' અને 'ગાંધીની કાવડ' નવલકથાઓ વાંચેલી, થોડાક નિબંધ અને તંત્રી લેખો કદાચ નવનીત અથવા જન્મભૂમિમાં વાંચ્યા હશે પણ આખો નિબંધસંગ્રહ કદી વાંચ્યો ન હતો. પહેલીવાર 'વેરાતું સ્વપ્ન ઘૂટાતું સત્ય' વાંચ્યુ અને હું એમની કલમનો ઘેલો બની ગયો. હવે તો વાંચતા, વાંચતા હું તમારી સાથે એમની થોડીક વાતો કર્યા વગર પણ રહી શકતો નથી. મિત્રો મારી આટલી અવળચંડાઈ માટે મને ક્ષમા કરશો ને?

અત્યારે મારા હાથમાં 'અગમ પિયાલો પીઓ' નામનું પુસ્તક છે. આમાં ધર્મ અને આધ્યાત્મિક વિચારોને લગતા લખાણો સમાવાયા છે. હરીન્દ્રના સામાન્ય લખાણોમાં પણ કબીર અને રજનીશના સંદર્ભો વારંવાર આવતા રહે છે ત્યારે ધર્મના ગ્રંથમાં તો એમના વગર એ વાત કર્યા વગર કઈ રીતે રહી શકે? આવા થોડાંક છૂટાછવાયા લખાણ આપની સમક્ષ રજૂ કરું છું.

'આધ્યાત્મિકતા એટલે શું, એની ચર્ચા કરવા કરતાં, કબીરની થોડીક સાખીઓ જ સાથે વાંચીએ તો 'દેખાદેખી બાતનાં જેવો અનુભવ થાય.'

મૂએં પછી મતિ મિલૌ કહે કબીરા રામ,
લોહા માટી મિલી ગયા તબ પારસ કૌંને કામ?

કબીર ઈશ્વરને સંબોધીને કહે છે : તમે મને મૃત્યુ પછી નહીં મળતા, મૃત્યુ પછીના મોક્ષનો કોઈ અર્થ નથી. આ લોહા જેવું મારું અસ્તિત્વ માટીમાં મલી જાય પછી એને પારસનો સ્પર્શ થાય એનો શો અર્થ? આ જગતમાં જ શુદ્ધ કાંચન જેવું જીવન ગુજારી શકાય એવો પ્રભુનો ચેતનસ્પર્શ મળે એનો જ મહિમા છે.

પ્રભુની ઝંખના, પ્રતીક્ષા કબીર આ રીતે આલેખે છે :

ઈસ તનકા, દીવા કરૌં બરતી મેલૌં જીવ
લોહી સીંચૌ તેલ જ્યોં તબ મુક દેખૌં પીવ.

આ શરીરનો દીપ બનાવું : તેમાં પ્રાણની વાટ મૂકું. તેલના સ્થાને મારા રક્તનું સિંચન કરું અને આ દીવાને ઊજાસે હું પ્રિયતમની રાહ જોઉં.

કબીરની કવિતા વાંચ્યા જ કરીએ : આંખો વાટે હૃદયમાં ઉતારતા જ રહીએ એવું લાગે.

કબીર પ્રેમના ચાખિયા ચાખી ન લિયા સાવ,
સૂને ઘરકા પાહુના જ્યોં આવે ત્યોં જાવ.

જેણે પ્રેમ ચાખ્યો નથી, ચાખીને એનો સ્વાદ લીધો નથી. એ તો સૂના મકાનમાંના પરોણા જેવો છે : ખાલી ઘરમાં મહેમાન દાખલ થાય કે તરત જ પાછો ફરી જાય. પ્રેમ-ભગવાન માટેની ભક્તિ ચાખવી જ જરુરી નથી. ચાખીને એનો સ્વાદ લેવાની વાત છે. આ જે નથી કરી શક્યા એનું જીવન સૂના ઘરના પરોણાં જેવું છે.'

હરીન્દ્રભાઈએ રજનીશજી વિશે લખેલી વાત પણ જોઈએ.

'આ સદીના સૌથી ઓછા સમજાયેલા માનવોની યાદીમાં રજનીશજીનું નામ સર્વપ્રથમ આવે તો નવાઈ નહિ લાગે. તેમના ટીકાકારો કદાચ તેમના પામ્યા નથી; તેમના ભક્તો અને અનુયાયીઓ પણ ઘણીય વાર તેમને ઓળખી શક્યા નથી. મારા જેવા અસંખ્ય ચાહકો પણ તેમને 'જાણી શક્યા છીએ' એવો દાવો કરવાની સ્થિતિમાં નથી. જો એમ હોય તો રજનીશજીના જન્મદિવસનો ઉત્સવ વરસમાં એક જ દિવસ મનાવાતો ન હોત.સ્વયં રજનીશજીએ કહ્યું હતું :

'સાગરમાં લહર આવે છે ને ચાલી જાય છે. સાગર સદાય રહે છે. લહર સાગરથી જરાયે અલગ નથી, છતાં લહરમાંથી જાગે છે : તેને રુપ છે. આકાર છે. આ રુપ ઘડાય છે, વિસર્જન પામે છે. લહરનો અર્થ જ એ છે કે એ હજી આવે નહીં, ત્યાં જાય! લહર શબ્દનો અર્થ એ છે કે એ હજી ઊઠી નહીં કે શમી! લહર જેમાં ઊઠે છે એ સાગર સદા છે : પણ લહર સદા નથી. આ 'સદા'ની છાતી પર 'પરિવર્તન' નું નૃત્ય છે. સાગર અજન્મા છે. લહરનો જન્મ થાય છે. સાગરનું કોઈ મૃત્યુ થી. લહરનું મૃત્યુ છે. લહર જે દિવસે જાણી લે કે હું સાગર છું, તો જનમવા-મરવાનું પાર નીકળી જશે.'



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

રજનીશજી લહર છે કે સાગર?

રજનીશજી જીવનને આગવી રીતે જુએ છે :

એમણે કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, જરથુષ્ટ, ઈસુ, હકીમ સનાઈ, કબીર, મીરાં, પલટુદાસ, ખલિલ જિબ્રાન ઉપર પુષ્કર વાતો કરી છે. રજનીશજી પાસે ન ગયો હોત તો મહાન સૂફી પરંપરાની ભીતર ન જઈ શકાયું હોત; મહાવીરને તો રજનીશજીએ મન ભરીનેને જાણ્યા છે ; મહાવીરને રજનીશજી જે રીતે ઓળખાવે છે એના તો હું પ્રેમમાં છું.'

ઘણી વાતો છે, પણ આપણે અટકવું પડશે, તો રાબેતા મુજબ એક કાવ્ય મમળાવીશું. ચેક કવિ જૉસેફ હાંઝલિકના આ કાવ્યનો અનુવાદ હરીન્દ્રે કર્યો છે.

**મૌન**

**કુહાડી કે શબ્દથી**
**કરાયેલા ઘા જેવું મૌન.**
**ગળા પરની**
**છરી જેવું મૌન.**
**ખડક પરથી તળિયા સુધીની**
**ચીસ જેવું મૌન.**
**બંદૂકમાંથી નીકળતું**
**કે પડઘમમાંથી પડઘાતું મૌન.**
**મૃત્યુ પછી ઉચ્ચારાયેલા**
**પ્રથમ અક્ષર જેવું મૌન.**
**હવે મૌન**
**અને ત્યાં સુધી મૌન.**

# સમજદારી, જવાબદારી, વફાદારી અને ઈમાનદારી આ ચાર શબ્દનો મર્મ જાણો તો પણ જીવન સાર્થક થઈ જાય!

પારખી ના જાત પોતાની
શાને બન્યો ભયભીત છે?
કોણ છું હું? કોઈ દિ' પૂછ્યું?
કોણ ચલાવે આ દુનિયા?
કોણ ભમાવે બ્રહ્માંડને?
નિત-નિયમે ઊગવાને સૂરજ-ચંદ્રને કામ દે?
કોણ બનાવે રક્ત અમને થોડી જાણ દે.
ભીતરમાં કર ડોકિયું ને શાંત ચિત્તે નામ લે,
સર્જાયો તું પ્રભુ બનવા, મોટું આ ઈનામ લે,
તું જ જગનિયંતા, તું જ સર્જનહાર છે,
તું જ તારો દુશ્મન ને તું જ મદદગાર છે.

●●●

કોલેજની પરીક્ષાઓ ચાલતી હતી. પરીક્ષાર્થીઓ પેપર પૂરું થયા પછી અંદરોઅંદર એકબીજાને પેપરના સમાચાર પૂછતા.

એકે બીજાને પૂછ્યું, 'પેપર કેવું ગયું?'

'સરસ' બીજાએ જવાબ આપ્યો,

'કેટલા માર્ક્સ આવશે?'

'પાસ તો થવાશે!

પૂછ્નાર ઠંડો પડી ગયો. એને હતું કે પેપર સારું ગયું ત્યારે જ કહેવાય જયારે ફર્સ્ટ ક્લાસ કે તેથી વધુ સારું પરિણામ મેળવશે જયારે અહી તો 'કેટલા માર્ક્સ આવશે? એના પ્રત્યુત્તરરૂપે માત્ર 'પાસ' થવાશે એમ કહે!

બીજા પરિક્ષાર્થીને ઉપર મુજબ પૂછતા તેણે મક્કમતાથી ફર્સ્ટ ક્લાસ તો આવશે જ એમ બેધડક કહી દીધું.

દોસ્તો, આ આપણી સર્વસામાન્ય મનઃસ્થિતિ છે. માત્ર પાસ થવાને જ સરસ ગણીએ તો આપણા હોશિયારપણાનું સ્તર કેવું ગણાય? આપણે પોતે જ પોતાનું લક્ષ્ય કેટલું નીચું રાખીએ છીએ! ઘણા મા-બાપ કહેતા હોય કે 'અમારો દીકરો ભણવામાં હોશિયાર! આજ દિન સુધી કદી નાપાસ નથી થયો.! જાણે માત્ર પાસ થવું એમાં જ હોશિયારીની ઈતિશ્રી આવી જાય છે. ઘણા તો ગર્વથી કહેતા હોય મારે માત્ર એક જ વિષયમાં એટીકેટી આવી! આપણે આપણી હોશીયારીનો ખ્યાલ કેટલો સંકુચિત બનાવી દીધો છે.

પરીક્ષાનાં દિવસોમાં વિદ્યાથીઓને પૂછીએ કે પરીક્ષાની તૈયારી કેવી ચાલે છે? તો તેઓ જવાબ આપે છે કે ઠીક ચાલે છે. આ 'ઠીક'ની કોઈ વ્યાખ્યા જ હોતી નથી પછી પૂછીએ કે કયો ક્લાસ આવશે તો કહે કે એ તો પરીક્ષકને ખબર!

આવું બેજવાબદારપણું કે નૈરાશ્ય જે ગણો તે પરંતુ આપણે શું કરીએ છીએ અને શું કરવું છે એનીયે ક્યાં કદી મથામણ કરીએ છીએ? મારી ભાણી છે જે પીટીસી કર્યા પછી નોકરી ન મળીપરંતુ નિરાશ થયા વગર ચોક્કસ દિશામાં અવિરત પુરુષાર્થ આદર્યો અનુસ્નાતક પણ થઈ અને છેલ્લે એલ.એલ.બી સુધી અભ્યાસ કર્યો. વળી TAT ની લેવાયેલ બધી જ પરીક્ષાઓ સારા ગુણાંકને પાસ કરી અને આજે નોકરી કરે છે. આ આંખે દેખ્યો દાખલો એ પૂરવાર કરે છે કે સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. એ એણે સાબિત કરી બતાવ્યું. આવા તો અનેક યુવારત્નો હશે જે મક્કમતાથી આગળ વધી પોતાની અપેક્ષિત કારકિર્દી બનાવે છે પણ આવો સમૂહ બહુ અલ્પસંખ્યક અપવાદરૂપ હોય છે. મોટેભાગે તો અગાઉ ચર્ચા કરી એ મુજબના તો થોકબંધ જોવા મળે છે. વિદ્યાર્થીને સહજ પૂછીએ કે કેટલું વાંચો છો? તો ધીરે રહીને પરાણે કહે કે બે કલાક - ચાર કલાક. સામાન્યપણે તો બે-ચાર કલાકથી આગળ જાય જ નહિ એમને તો બસ ઓછી મહેનતે ને દોડતા દોડતા જ ડીગ્રી મેળવવી છે. હાથવગા સાહિત્યથી પરીક્ષાની વૈતરણી પાર કરનારા આવા યુવક યુવતીઓ જીવનમાં શું ધાડ મારવાના?!!

પરિણામે પરીક્ષા પછી અપેક્ષા શું? 'પાસ તો થઈ જવાશે' જેટલી જ

આ તે કઈ ભણવાની રીત છે? લક્ષ્ય નીચું, મહેનત કંગાળ અને આત્મવિશ્વાસનો સદંતર અભાવ! જે બાબત આપના સાથે જોડાયેલી છે - જાત સંબંધિત છે તે અંગે આપણે કશું જ નક્કી ન કરીએ! બધો જ આધાર બીજા ઉપર...

દોસ્તો, લક્ષ્ય તો આપણે જ નક્કી કરવું પડે, મહેનત આપણે કરવી પડે અને ગુણ આપણે મેળવવા પડે પરીક્ષકને આપવા જ પડે! પરંતુ ક્યારેક 'પરીક્ષકોએ તો આપવા પડે' એ માટે કેટલાક ટૂંકા રસ્તા અજમાવનારા પણ હોય છે. કોપી કરવી, પૈસાની લેતી-દેતી, IMP મેળવવી, સામૂહિક આંદોલનો જગાવવા આ બધા તો પરીક્ષામાં સરળતાથી પાસ થવાના કે વધુ ગુણ મેળવવાના માત્ર કરતૂત જ છે. મિત્રો મારો સ્વાનુભવ છે કે ઘણીવાર વિદ્યાર્થીઓ નિબંધ લખતી વેળા લખાણ લંબાણપૂર્વકનું વિસ્તૃત દેખાય એ માટે મોટા અક્ષરો, છૂટા છૂટા અક્ષરો, એક જ બાબતનું પુનરાવર્તન કરતા જોવા મળે છે. આવા ખોટા ભ્રામક ને બાલીશ ખ્યાલો રાખનારા પરીક્ષાર્થીઓ આખરે ઠેર ના ઠેર જ હોય છે. ઘણીવાર ગૃહકાર્ય ન કરી લાવનાર વિદ્યાર્થી નોટબૂક ભૂલી જવાનું બહાનું બતાવે, પેટમાં દુખવાનું બહાનું બતાવી રજા લેનાર રસ્તે જતા હરખાતો હોય, મનમાં પોરસાતો હોય કે મેં સાહેબને કેવા છેતર્યા!! આવી બચાવ પ્રયુક્તિઓ આદરી મનમાં મલકાતા વિદ્યાર્થીઓ પોતાનું જીવન કયા રસ્તે લઈ જશે? કોઈ કોઈનાથી કદી છેતરાતું નથી. આખરે તો આપણે જ આપણી જાતને છેતરીએ છીએ. જીવન ઘડતરનો આ સુવર્ણકાળ આમ જ પસાર કરી નાખનારા અધવચ્ચે અટવાય એમાં નવાઈ શી? વિદ્યાર્થી ભલે માને કોલેજ કરું છું. મા-બાપ પણ મનમાં પોરસાતા હોય કે દીકરો - દીકરી કોલેજ કરે છે. પરંતુ આવા ભણતરવેડાથી કોઈનું દળદળ ફીટવાનું નથી. ન તો વિદ્યાર્થીનું કે મા-બાપનું. આવા ખ્યાલોથી ભણવામાં ક્યાય એની વૃદ્ધિ નથી, વિકાસ નથી, ઘડતર નથી, પ્રાપ્તિ પણ નથી. પેલી કહેવત યાદ રાખજો 'આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય' 'ઠંડે પહોરે ચાલશો નહિ તો તડકા વખતે હેરાન થશો.' વળી દટાયા વગર, કોહવાયા વગર કદી કોઈ બીજનો ફણગો ફૂટે ખરો? આ સમજવું હિતકર છે બાકી તો આ ભણતરનો દેખાવ કે ઠાલાઠાલા વિચારો ને દેખાવ પૂરતા વ્યવહારો ને વ્યક્તિ ને અને દેશને ક્યા લઈ જશે!



**લાગણીનો મેળો**

રસિક વાળંદ

**સ્પર્શમણિ :**

ચાર વેદનો અર્થ ન જાણો તો કઈ નહિ પરંતુ સમજદારી, જવાબદારી, વફાદારી અને ઈમાનદારી આ ચાર શબ્દનો મર્મ જાણો તો પણ જીવન સાર્થક થઈ જાય!

- RASIKVALAND1965@GMAIL.COM